પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૪૪ | ૧૫ નવેમ્બર, ૨૦૧૮, ગુરૂવાર; કારતક સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### હિમાદાસ યુનીસેફની બ્રાન્ડ એમ્બેસેડર

એશિયન ગેમ્સ ગોલ્ડ મેડલિસ્ટ હિમાદાસ યુનીસેફની બ્રાન્ડ એમ્બેસેડર બની છે. તેઓ બાળકોના અધિકારો અને જરૂરીયાતો બાબતે જાગૃતિ લાવવા અને બાળકો-યુવાનોના અવાજને બુલંદ કરવા કામ કરશે.

### રામેશ્વરમાં શાળા-કોલેજો બંધ રહેશે

ચક્રવાતી તોફાન 'ગાઝા'ના કારણે તમિલનાડુ સરકારે રામેશ્વરની બધી જ શાળા-કોલેજોને બંધ રાખવાનો આદેશ કર્યો છે. તમિલનાડુ સરકારે અધિકારીઓ માટે એલર્ટ જાહેર કરી લગભગ ૩૧ હજાર બચાવકર્મીઓને તૈયાર રાખ્યા છે.

### ચૂંટણી પ્રભાવીત કરતા ફેસબુક એકાઉન્ટ બંધ

ફેસબુકે કહ્યું છે કે તેઓએ અમેરીકામાં મધ્યસત્ર ચૂંટણીને પ્રભાવીત કરવાના ઈરાદે બનાવેલા ફેસબુક એકાઉન્ટ બંધ કર્યા છે. રશિયા સાથે તેના સંબંધોની પણ તપાસ થઈ રહી છે.

### સુભાષચંદ્ર બોઝના માનમાં ૭૫ રુપિયાનો સિક્કો

મોદી સરકાર ભારતીય મુદ્રા ખુબ જ જલ્દી ૭૫ રૂપિયાનો સિક્કો બહાર પાડશે. રિપોર્ટ અનુસાર પોર્ટબ્લેયરમાં નેતાજી સુભાષ ચંદ્ર બોઝ ધ્વારા પહેલીવાર તિરંગો લહેરાવવાની ૭૫મી વર્ષગાંઠના અવસરે ૭૫ રૂપિયાના સ્મારક સિક્કા બહાર પાડવાનું એલાન કરવામાં આવ્યું છે. એટલું જ નહીં પરંતુ નાણાં મંત્રાલયે આ બાબતે એક નોટિફિકેશન જાહેર કર્યું છે.

# ભારતની મોટી અવકાશી સિદ્ધિ

## જીસેટ-૨૯ સફળતાપૂર્વક લોન્ચ : શ્રી હરિકોટાના સતિષધવન સેન્ટરથી લોંચ : રોકેટમાં સૌથી મોટા બુસ્ટર એસ-૨૦૦નો ઉપયોગ કરાયો ૩૪૨૩ કિલોગ્રામ વજનનું સેટેલાઇટ આખરે સફળ લોંચ



શ્રીહરિકોટા, તા. ૧૪

ઈન્ડિયન સ્પેશ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન ઈસરોએ જીએસએલવી માક-૩ રોકેટની મદદથી જીસેટ-૨૯ સેટેલાઈટ આજે સફળતાપૂર્વક લોંચ કરતા ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. ઈસરો દ્વારા અંતરિક્ષના ક્ષેત્રમાં વધુ એક મોટી સફળતા હાંસલ કરવામાં આવી છે. શ્રીહરિકોટાના સતિષ ધવન સ્પેશ સેન્ટરથી આને લોંચ કરવામાં આવ્યા બાદ ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. સેટેલાઈટ પરિભ્રમણ કક્ષામાં આને સ્થાપિત કરી દેવામાં સફળતા મળી હતી. ઈસરો દ્વારા પાંચમી વખત સફળતાપૂર્વક સેટેલાઈટ લોંચ કરવામાં આવ્યા છે. આ રોકેટમાં દુનિયાના બીજા સૌથી મોટા બુસ્ટર એસ-૨૦૦નો ઉપયોગ કરવામાં આવ્યો છે. ૩૪૨૩ કિલોગ્રામ વજન ધરાવતા આ સેટેલાઈટ ભારતની જમીનથી લોંચ કરવામાં આવેલા સૌથી મોટા સેટેલાઈટ તરીકે ગણવામાં આવે છે. હાઈથ્રોપુટ કોમ્યુનિકેશન સેટેલાઈટ તરીકે આને જોવામાં આવે છે. આમા મુકવામાં આવેલા ઓપરેશન પેલોડ ડિજિટલ ઈન્ડિયા કાર્યક્રમ હેઠળ જમ્મુ અને કાશ્મીની સાથે સાથે ઉત્તરપૂર્વીય રાજ્યોને વધારે સારી સેવા ઉપલબ્ધ કરાવશે. આનાથી આ ક્ષેત્રોમાં હાઈસ્પીડ ઈન્ટરનેટમાં ખુબ જ મદદ મળશે. જીસેટ-૨૯ નવી સ્પેશ ટેકનોલોજીને ટેસ્ટ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

## જથ્થાબંધ ફુગાવો ચાર મહિનાની ઉંચી સપાટીએ

### શાકભાજી-કઠોળના ભાવ ઘટ્યા છતાં પણ WPI ફુગાવો ૫.૨૮ : ખાદ્યાન્ન ચીજવસ્તુઓની કિંમતમાં નરમાઈ જોવા મળી : ડુંગળીની કિંમતમાં પણ નોંધપાત્ર ઘટાડો



નવીદિલ્હી, તા. ૧૪

ખાદ્ય ચીજવસ્તુઓની કિંમત નરમ પડ્યા બાદ પેટ્રોલ અને ડીઝલની કિંમતો વધવાથી હોલસેલ પ્રાઇઝ ઈન્ડેક્સ ઉપર આધારિત ફુગાવાનો આંકડો ઓક્ટોબર મહિનામાં વધીને ચાર મહિનાની ઉંચી સપાટી ઉપર પહોંચી ગયો છે. આ ફુગાવો ૫.૨૮ ટકા સુધી પહોંચી ગયો છે. હોલસેલ પ્રાઇઝ ઉપર આધારિત ફુગાવો સપ્ટેમ્બર મહિનામાં ૫.૧૩ ટકા અને ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં ૩.૬૮ ટકા હતો. સરકાર દ્વારા આજે જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું હતુ કે, ખાદ્ય ચીજવસ્તુઓની કિંમતમાં નરમાઈ જોવા મળી છે. આમા સપ્ટેમ્બરમાં ૦.૨૧ ટકાની સરખામણીમાં ઓક્ટોબર મહિનામાં ૧.૪૯ ટકાનો ડિફ્લેશન જોવા મળ્યો છે. આ ગાળા દરમિયાન શાકભાજીના ભાવમાં ઘટાડો થયો છે. શાકભાજીના ભાવ આ ગાળા દરમિયાન ૧૮.૬૫ ટકા ઘટી ગયા છે. અગાઉના મહિનામાં ૩.૮૩ ટકાની સામે ભાવમાં ઓક્ટોબર મહિનામાં ૧૮.૬૫ ટકાનો ઘટાડો થઈ ગયો છે. ફ્યુઅલ અને પાવર બાસ્કેટમાં ફુગાવો સપ્ટેમ્બર મહિનામાં ૧૬.૬૫ ટકાથી વધીને ૧૮.૪૪ ટકા થયો છે. વ્યક્તિગતરીતે પેટ્રોલ અને ડીઝલમાં ફુગાવો ૧૯.૮૫ ટકા અને ૨૩.૯૧ ટકા રહ્યો છે.

# રાફેલ ડિલ કેસમાં સુપ્રીમનો ચુકાદો અનામત

### સુપ્રીમ કોર્ટમાં પાંચ કલાક સુધી તર્કદાર દલીલોનો દોર ચાલ્યો : અરજી કરનાર અને સરકારની સાથે સાથે હવાઈ દળના અધિકારીઓ પાસે પણ સુપ્રીમ કોર્ટે મેળવેલી માહિતી : કિંમતોની માંગ કરનારાઓને ફટકો

નવીદિલ્હી, તા. ૧૪

સુપ્રીમ કોર્ટે ફ્રાંસથી ૩૬ રાફેલ યુદ્ધ વિમાન ખરીદવાના સોદાની સીબીઆઈ તપાસની માંગ કરતી અરજી ઉપર આજે પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. સુનાવણી દરમિયાન તમામ સંબંધિત પક્ષો તરફથી પોતપોતાની દલીલો રજૂ કરવામાં આવી હતી. કોર્ટે અરજી કરનારાઓ અને સરકારની સાથે સાથે હવાઈ દળના અધિકારીઓ પાસેથી પણ માહિતી મેળવી હતી. આશરે પાંચ કલાક સુધી મેરેથોન સુનાવણી ચાલી હતી. ત્યારબાદ ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ, જસ્ટિસ એસકે કૌલ અને જસ્ટિસ કેએમ જોસેફની બનેલી બેંચે પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. રાફેલની કિંમતને જાહેર કરવાની માંગ કરી રહેલા અરજીદારોને એ વખતે મોટો ફટકો પડ્યો હતો જ્યારે કોર્ટે કહ્યું હતુ કે, જ્યાં સુધી અમે પોતે જાહેર કરતા નથી ત્યાં સુધી તે મુદ્દે કોઈપણ ચર્ચા કરવામાં આવશે નહીં. આ ગાળા દરમિયાન સરકારી અને સોદાબાજીમાં તપાસની માંગ કરી રહેલા અરજીદારોના વકીલ વચ્ચે જોરદાર દલીલબાજી ચાલી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# દિલ્હીમાં રામ મંદિર માટે નવ ડિસેમ્બરે વિરાટ રેલી




## બેસણું

મારા ધર્મપત્ની **તરૂણાબેન બળવંતભાઈ પટેલ**નું તા. ૧૦/૧૧/૧૮ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૧૬/૧૧/૨૦૧૮ને શુક્રવારના રોજ સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : પાટીદાર વાડી નં.૧, રામજી મંદિર પાસે, મુ. પો. કોલવડા, તા.જી. ગાંધીનગર. મો. ૯૯૯૮૨૨૪૮૮૦**

લિ.

બળવંતભાઈ નારણભાઈ પટેલ

| | |
|---|---|
| રતિશચંદ્ર રામાભાઈ પટેલ (દિયર) | ચમનભાઈ આત્મારામદાસ પટેલ (બાપુજી) |
| વિજયભાઈ રામાભાઈ પટેલ (દિયર) | સ્વ. નારણભાઈ આત્મારામદાસ પટેલ (પિતાજી) |
| જૈમિન બળવંતભાઈ પટેલ (પુત્ર) | રામાભાઈ આત્મારામદાસ પટેલ (કાકાજી) |

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમય દરમિયાન રાખેલ છે.

સુરેશભાઈ બળદેવભાઈ પટેલ (ભાઈ)
કુલદીપભાઈ શૈલેષભાઈ પટેલ (ભાઈ)
મુ. પો. જમીયતપુરા, તા. જી. ગાંધીનગર


### વિહિપ અને સંઘ આરપારની લડાઇ લડશે : સંસદના શિયાળુ સત્રન શરૂઆત પહેલા ભવ્ય રેલી યોજાશે

નવી દિલ્હી,તા. ૧૪

અયોધ્યમાં ભગવાન રામના ભવ્ય મંદિરના નિર્માણ માટે હવે રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘ અને વિશ્વ હિન્દુ પરિષદે આરપારની લડાઈ લડવા માટેનો નિર્ણય કરી લીધો છે. આની જાહેરાત પણ કરી દેવામાં આવી છે. આના ભાગરૂપે રામ મંદિરના નિર્માણને લઈને દબાણ લાવવા નવમી ડિસેમ્બરના દિવસે દિલ્હીમાં વિરાટ રેલી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સંસદના શિયાળ સત્ર પહેલા દિલ્હીના રામ લીલા મેદાનમાં આના માટે નવમી ડિસેમ્બરે ભવ્ય રેલી યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આને લઈને પહેલાથી જ સંઘ અને વિહિપ દ્વારા જોરદાર તૈયારી પણ શરૂ કરવામાં આવી છે. આ રેલીમાં આઠ લાખ લોકો પહોંચે તેવી શક્યતા દેખાઈ રહી છે. આ રેલીમાં મોટી સંખ્યામાં સાધુ સંતો પણૅ પહોંચનાર છે.

હજુ સુધી પ્રાપ્ત થયેલી માહિતી મુજબ આ વિરાટ રેલીમાં સંઘના તમામ મોટા નેતા પહોંચનાર છે. અખિલ ભારતીય સંત સમિતિની તરફથી આયોજિત કરવામાં આવેલી આ રેલી મારફતે કેન્દ્ર સરકાર પર દબાણ લાવવામાં આવનાર છે. કેન્દ્ર સરકારને વટહુકમ લાવીને રામ મંદિર નિર્માણ માટે માર્ગ મોકળો કરવા રજૂઆત કરવામાં આવનાર છે.


Open for all Multi Speciality Hospital

દિપાવલીની શુભકામનાઓ સાથે નૂતન વર્ષાભિનંદન...

Hi Tech HOSPITAL


24 કલાક કામ કરતી મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ...

પ્લોટ નં. 1180, સેક્ટર-૩/ડી, ઘ-રોડ, ઘ-1½ ના બસ સ્ટેન્ડ પાસે, ગાંધીનગર.
Phone : 079-232 40555, Fax : 079-232 40666,

ઢીંચણ તથા થાપાના સાંધા બદલવાના ઓપરેશન...
(Joint Replacements Surgery)
માટે ઓછા ખર્ચે હાઈટેક હોસ્પિટલ અદ્યતન સુવિધા ઉપલબ્ધ છે...

ઓર્થોસ્કોપી સેન્ટર
ઢીંચણ, ખભા, ઘૂંટીના સાંધાના દર્દની દૂરબીન વડે સારવાર
ACL / Meniscus / Rotator Cuff Surgeries

ડો. વિજય ઉપાધ્યાય, એમ.એસ. (ઓર્થો.), Mo.98242 76800
ડો. મહિપતસિંહ પરમાર, એમ.એસ., ડી.એન.બી., (ઓર્થો.) એલ.એલ.બી., Mo.98250 31929
ડો. બ્રિજેશ પટેલ, ડી.ઓર્થો. એમ.એસ. (ઓર્થો.), Mo.98256 86088






દૂધસાગર ભારતનું ગૌરવ
ભારતની સૌથી મોટી સહકારી ડેરી

જેમના એક સ્વપ્ને અસંખ્ય પશુપાલકોને આપ્યાં સન્માન, સ્વમાન, સ્વાવલંબન અને સમૃદ્ધિ!




સ્વ. શ્રી માનસિંહભાઈ પૂ. પટેલ
આદ્યસ્થાપક, દૂધસાગર ડેરી, મહેસાણા
(15-11-1919 થી 30-09-1970)

આ પૃથ્વી પર અવતરનાર સૌ કોઈની આંખોમાં સ્વપ્નો હોય છે, પણ મોટા ભાગે એ પોતાના કે પરિવારના હિત પૂરતાં સીમિત હોય છે.
આદરણીય સ્વ. શ્રી માનસિંહભાઈએ ઉત્તર ગુજરાત જેવા એ સમયના પાણીની અછતવાળા દુષ્કાળગ્રસ્ત પ્રદેશમાં અનેક કઠણાઈઓ વચ્ચે જીવતાં ખેડૂત પરિવારોના જીવનમાં દૂધ થકી અજવાળું પાથરવાનું સ્વપ્ન જોયું અને એને સાકાર પણ કર્યું. એમણે વાવેલું બીજ અને ઉછેરેલું વૃક્ષ આજે સમગ્ર એશિયાની સૌથી મોટી ડેરી બની ચૂક્યું છે.

એ વાતના આનંદ સાથે, આદ્યસ્થાપકને તેમની 100મી જન્મજયંતીએ કોટિ-કોટિ વંદન.

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
અમૂલ | સાગર
oneadvt.com